અન્ય રાજ્યોમાં કેવી રીતે થાય છે નવરાત્રીની ઉજવણી ?

ગોવામાં, નવરાત્રી દરમિયાન જાત્રાની શરૂઆત થાય છે, આખા એન્ટ્રીઝ (ફોન્ડા)ને અતિશય સજાવવામાં આવે છે

॥ બીજો મણકો ॥

ગુજરાતભર અને વિદેશમાંથી પણ લોકો આ નવ દિવસના ઉત્સવોમાં ભાગ લેવા આવે છે તે ભારતભર અને યુકે અને યુએસએની સાથે સાથ દુનિયાભરની ભારતીય સમુદાયોમાં લોકપ્રિય છે.

ગોવામાં, નવરાત્રી દરમિયાન જાત્રાની શરૂઆત થાય છે, આખા એન્ટ્રીઝ (ફોન્ડા)ને અતિશય સજાવવામાં આવે છે. સારસ્વત બ્રાહ્મણ મંદિરોને સુંદર રીતે સજાવે છે. અને મૂર્તિઓને પૂજા માટે બહાર લાવવામાં આવે છે. મૂર્તિઓને કપડાં અને ફૂલોથી સુશોભિત કરવામાં આવે છે, તેમની પર ચંદનની પેસ્ટ, હળદર, કંકુ લગાવવામાં આવે છે. નવરાત્રી દરમિયાન ભક્તોને ખાસ દર્શન કરવા મળે છે અને મોટાભાગના ભક્તો કોલ પ્રસાદ માટે રાહ જોતા હોય છે. કારણ કે આ પ્રસાદ ભગવાન અને દેવીને પણ આપવામાં આવતો હોવાથી તેનું ભક્તોમાં બહુ મહત્વ છે. દેવીઓની ઢાલની પૂજા ભક્તો કે પૂજારીઓ દ્વારા સતત ફૂલો ચઢાવીને કરવામાં આવે છે, આ ફૂલોને બદલવામાં નથી આવતા. ઉત્સવની છેલ્લી રાતે આ ફૂલોને ભક્તોમાં પ્રસાદ તરીકે વહેંચવામાં આવે છે. સારસ્વત બ્રાહ્મણની દશા મૈત્રિકાસ (ગોવાની દસ બહેનો)ની મૂર્તિને મંદિરમાંથી બહાર નીકાળવીને તેમની પૂજા કરવામાં આવે છે. આ દેવીઓના નામ આ મુજબ છે.

શાન્તાદુર્ગા, આર્યદુર્ગા, મહાલાસા, કાત્યાયાની, મહામાયા, કામાક્ષી, વિજયાદુર્ગા, ભૂમિકા, મહાલક્ષ્મી અને નવદુર્ગા, દક્ષિણ ભારતમાં, લોકો પગથિયા ગોઠવે છે અને તેની પર દેવી મૂર્તિઓ મુકે છે. તેને ગીલુ તરીકે ઓળખવામાં આવે છે. ગોલુની લાક્ષણિક છબીઓને તમિલનાડુની શૈલીમાં ભારતના મહારાષ્ટ્રના નવી મુંબઈના નેરુલના ઘરમાં બાજુની જગ્યામાં રજૂ કરવામાં આવે છે.

કેરળમાં, શરદ નવરાત્રીના છેલ્લા ત્રણ દિવસો એટલે કે અષ્ઠમી, નવમી અને વિજયાદશમીની ઉજવણી, સરસ્વતી પૂજા તરીકે કરવામાં આવે છે જેમાં ચોપડીઓની પૂજા કરવામાં આવે છે. અષ્ઠમીના દિવસે તેઓ પોતાના ઘર, પરંપરાગત બાળવાડીઓ કે મંદિરમાં ચોપડીઓને ચોપડીઓને ઔપચારિક રીતે વાંચન અને લખાણ માટે બહાર કાઢવામાં આવે છે. વિજયા દશમીને બાળકોના લખવા કે વાંચવા માટેની નવી શરૂઆત તરીકે શુભ માનવામાં આવે છે, તેને વિદ્યાઆરંભ પણ કહેવાય છે. કેરળમાં આ દિવસે દસ હજાર બાળકો શબ્દની દુનિયામાં દાખલ થાય છે. આંધ્રપ્રદેશના તેલગાંના રાજ્યમાં, નવ દિવસોના આ સમયમાં બથુકામ્મા નામનો ઉત્સવ લોકો દ્વારા ઉજવવામાં આવે છે. તે એક નવરાત્રી ઉત્સવ જેવા જ હોય છે. નવરાત્રી ત્રણ દિવસોના ભાગોમાં વિભાજીત કરવામાં આવ્યા છે, જેથી દેવી કે દેવીઓના વિવિધ ભાવોની પ્રેમપૂર્વક પૂજા કરી શકાય.

પ્રથમ ત્રણ દિવસોમાં દેવી એક પવિત્ર શક્તિ તરીકે અલગ થઈ જેથી આપણી તમામ અપવિત્રતાનો તે નાશ કરી શકે, જે દુર્ગા કે કાલી તરીકે ઓળખાય છે. બીજા ત્રણ દિવસોમાં માતાની પ્રેમપૂર્વક પવિત્રસંપત્તિ આપનાર લક્ષ્મી પણ છે, સંપત્તિની દેવી હોવાને કારણે તેમના ભક્તોને અખૂટ સંપત્તિ આપવા માટે તે સક્ષમ છે. અંતિમ ત્રણ દિવસોને બુદ્ધિના દેવી સરસ્વતીની પૂજા માટે અર્પિત કરવામાં આવે છે. જીવનમાં તમામ સફળતા મેળવવા માટે, લોકો આ તમામ દેવી નારી સ્વરૂપોના આશીર્વાદ મેળવવા જરૂરી સમજે છે, અને માટે જ નવ રાત્રીની પૂજા કરવામાં આવે છે. બંગાળમાં આઠમાં દિવસને પરંપરાગત રીતે દુર્ગાઅષ્ઠમી તરીકે ઉજવાય છે જે બંગાળનો મોટો તહેવાર છે.

દક્ષિણ ભારતના કેટલાક ભાગોમાં નવમાં દિવસે સરસ્વતી પૂજા કરવામાં આવે છે. દક્ષિણ ભારતમાં મહાનવરાત્રીના (નવ) દિવસે આયુધ પૂજા કરવામાં આવે છે, જેને બહું ધૂમધામથી ઉજવાય છે. શસ્ત્રો, ખેતીના સાધનો, તમામ પ્રકારના હથિયારો, મશીનો, સાધનસામગ્રી, વાહનોને સજાવવામાં આવે છે અને આ દિવસે દેવીની સાથે તેમની પણ પૂજા થાય છે. બીજા દિવસથી નવેસરથી કામને શરૂ કરવામાં આવે છે. દસમા દિવસને વિજયા દશમી તરીકે ઉજવાય છે. દક્ષિણ ભારતમાં અનેક શિક્ષકો/શાળાઓ બાળવાડીના બાળકોને આ દિવસથી ભણાવવાનું કરે છે.

યુથ કેમ્પસ

- ધ્વનિલ પારેખ

વિવાદ, કુલપતિ અને બિચારી યુનિવર્સિટી !

આ સ્થળ અગાઉ કુલપતિ શોધ સમિતિની પ્રક્રિયા અને કામગીરી વિશે નુક્તેચીની કરી હતી. સમિતિ તટસ્થ અને વિદ્વાન વ્યક્તિની નિમણૂંક કુલપતિ તરીકે કરે તો એ યુનિવર્સિટીનું ભલું થાય અન્યથા...? અન્યથા હાલત અત્યારે ગુજરાત યુનિવર્સિટીની છે એવી થાય ! કુલપતિ શોધ સમિતિની જવાબદારી બહુ મોટી છે અને એમણે એ જવાબદારી નિષ્ઠાપૂર્વક અદા કરવાની હોય છે ઘણા અત્યારની સ્થિતિ જોતા નિષ્ઠા અને સમિતિને કશું લાગતું વળગતું હોય એવું દેખાતું નથી.

હા, તો મૂળ મુદ્દા પર આવીએ. ગુજરાત યુનિવર્સિટીના કુલપતિ તરીકે આદેશ પાલની નિમણૂંક થઈ છે, એ પછી કુલપતિ, યુનિવર્સિટી અને વિવાદ સતત અખબારોમાં ચમકતાં રહ્યાં છે. પાટણ યુનિવર્સિટીના અંગ્રેજી વિભાગના અધ્યક્ષ તરીકે કાર્યરત આદેશ પાલની નિમણૂંકે પોતે જ એક વિવાદ ઊભો કર્યો અને એ પછી વિવાદની પરંપરા શરૂ થઈ જે આજ સુધી વણથંભી ચાલ્યે જાય છે.

એક સમયે ગુજરાત યુનિવર્સિટીના કુલપતિ તરીકે જ્ઞાનપીઠ વિજેતા સર્જક ઉમાશંકર જોશી હતા. તો મગનભાઈ જેવા ગુજરાતી માધ્યમના હિમાયત કરનારા કેળવણીકાર પણ હતા. આજે બાઉન્સર લઈને ફરનારાં કુલપતિ છે. ચક્રવ્યુહ કરતાં પણ અભેદ્ય દિવાલોની પાછલ કુલપતિ બિરાજમાન હોય છે અને સામાન્ય વિદ્યાર્થી કે અધ્યાપકે એમને મળવું હોય તો લોઢાનાં ચણા ચાવવા જેટલો પરિશ્રમ કરવો પડે એટલું અઘરૂં બની ગયું છે. આવું શું કામ ? એક કુલપતિને આટલી બધી અભેદ્ય દિવાલોની શું કામ જરૂર પડે ? શા માટે એણે પોતાના રક્ષણ માટે બાઉન્સરની જરૂર પડે ? આ બધા પ્રશ્નોના જવાબમાં એક તર્ક એ આપી શકાય કે કુલપતિને પોતાને જ કોઈક તત્ત્વોથી રક્ષણની જરૂર લાગે છે. કારણ કે વિવાદ સતત એમની સાથે રહ્યો છે અને એ વિવાદ કઈ આફતને આમંત્રણ આપે એ કહી શકાય એમ નથી. (પાળી પહેલાં પાળ બાંધવી સારી - એ ન્યાયે કુલપતિએ બાઉન્સરની વ્યવસ્થા કરી હશે, એવું નથી લાગતું ?)

નવનિયુક્ત કુલપતિની નિમણૂંક થાય એટલે ભૂગર્ભમાં રહેલા વિવાદો સપાટી પર આવતા હોય છે. એમાં જો યુનિવર્સિટી સ્થિત વિરોધ પક્ષ મજબૂત હોય તો વિવાદોનું ખાંતરકામ કરવામાં કશું બાકી રહેતું નથી ! ગુજરાત યુનિવર્સિટી અને કુલપતિની અત્યારની સ્થિતિ એવી જ છે ! ભૂતકાળ અને વર્તમાન બંને સમયનાં વિવાદો કુલપતિનો પીછો છોડતાં નથી અને યુનિવર્સિટીનું સર્વોચ્ચ સત્તામંડળ એટલે કે સિન્ડિકેટમાં વિરોધ પક્ષની બહુમતી છે. છેલ્લી સિન્ડિકેટની ચૂંટણીમાં એન.એસ.યુ.આઈ.એ. જે રીતે બહુમતી મેળવી છે એ જોતા કુલપતિ માટે હવે પછીનાં દિવસો પણ આસાન નહીં બની રહે!

સિન્ડિકેટમાં નવા ચૂંટાયેલા સભ્યો કુલપતિને ધોળે દિવસે તારા દેખાડ્યાના મિજાજમાં છે. પણ જરાં યુનિવર્સિટી અને શિક્ષણના હિત ખાતર વિચાર કરીએ તો દરેક બાબતનો વિરોધ અને એમાંથી વિવાદ ઊભો કરવામાં શું મળે છે? ગમે તેવા સૂત્રોચ્ચાર કરવાથી કે પોસ્ટરો ચોંટાડવા કે બાળવાથી પણ રાજકારણ સિવાય શિક્ષણનું કશું હિત સચવાય છે ? મોટા ભાગની યુનિવર્સિટીઓની હવે આવી દયનીય જ પરિસ્થિતિ છે. યુનિવર્સિટી સર્વોચ્ચ સત્તામંડળ - સિન્ડિકેટ એ રાજકીય અખાડો વિશેષ લાગે છે. અને પોતાના લાગતા - વળગતાંઓનું હિત અને સામેવાળાનું અહિત - આજ રમત યુનિવર્સિટી ભવનમાં રમાતી હોય છે, અને બિચારી સરસ્વતી દેવી ખૂણામાં બેસીને આંસુ સારતી હોય છે.

આ પરિસ્થિતિમાંથી બહાર આવવાનો ઉપાય શો ? સિન્ડિકેટમાં કુલપતિ જે પક્ષના હોય એ પક્ષના જ સભ્યોની બહુમતિ હોય તો શક્ય છે કે, વિવાદ ઓછો થાય. (કુલપતિ પણ હવે કોઈ પક્ષનાં હોય છે એ સ્વાભાવિક થતું જાય છે, નહીં ?) બાકી, વિવાદ અને યુનિવર્સિટી એકબીજાનાં પર્યાય થતાં જાય છે. યુનિવર્સિટી દિવસે ને દિવસે 'બિચારી' થતી જાય છે.

ગુજરાત યુનિવર્સિટીની

આંતર કોલેજ ક્રિકેટ સ્પર્ધામાં સરકારી વિનયન કોલેજનો ૫૦ થી ૨નથી વિજય

નરોડાની ટીમ સામે પ્રથમ ઈનીંગમાં ૧૯૨ રન કર્યા

ગાંધીનગર, તા. ૯

ગુજરાત યુનિવર્સિટી દક્ષિણ વિભાગ 'બી' ઝોન આંતર કોલેજ ક્રિકેટ સ્પર્ધા તાજેતરમાં સરકારી વિનયન કોલેજ, સેક્ટર-૧૫ અને રૂદ્ર કોલેજ ઓફ બિઝનેસ એડમિનીસ્ટ્રેશન, નરોડા વચ્ચે રમાઈ હતી. જેમાં સરકારી વિનયન કોલેજનો ૨૦ રનથી વિજય થયો હતો.

ગાંધીનગરના સેક્ટર-૧૫ની સરકારી વિનયન કોલેજના મેદાનમાં તા. ૬ઠ્ઠી ઓક્ટોબરના રોજ નરોડા કોલેજ અને ગાંધીનગર કોલેજ વચ્ચે રસાકસી ભરી મેચ યોજાઈ હતી. રૂદ્ર કોલેજ ઓફ બિઝનેશ એડમિનીસ્ટ્રેશન નરોડાની ટીમ સામે સરકારી વિનયન કોલેજે પ્રથમ ઈનીંગમાં ૧૯૨ રન પાંચ વિકેટે કર્યા હતા. જેમાં વિજય સાગર સોલંકીએ ૫૦ બોલમાં ૬૧ રન, યુવરાજસિંહ બિહોલાએ ૪૧ બોલમાં ૫૮ રન અને મોહિતસિંહ કુંપાવતે ૨૦ બોલમાં ૨૩ રન ફટકારી ધૂંઆધાર બેટીંગ કરી હતી.

બીજી ઈનીંગમાં રૂદ્ર કોલેજ ૧૪૩ રનમાં ઓલ આઉટ થઈ ગઈ હતી. જેમાં વિજયસાગર સોલંકીએ ૯ રન આપી બે વિકેટ તથા રાજકિરણ સાગરે ૧૭ રન આપી બે વિકેટ, મોહિત કુંપાવતે ૧૯ રન આપી બે વિકેટ અને કવન દેસાઈએ ૩૦ રન આપી બે વિકેટ ઝડપી હતી. વિજેતા ટીમને કોલેજ પરિવારે અભિનંદન પાઠવ્યા હતા.

સ્વીમિંગ ટૂર્નામેન્ટમાં સરકારી વાણિજ્ય કૉલેજનો ઉત્કૃષ્ટ દેખાવ

અમરજિત રાઠોડ, ૫૦ મીટર ફ્રી સ્ટાઈલ, ૫૦ મીટર બ્રેક સ્ટૉક અને ૧૦૦ મીટર બ્રેક સ્ટૉકમાં પ્રથમ

ગાંધીનગર, તા. ૯

ગુજરાત યુનિવર્સિટી સાઉથ ઝોન ઈન્ટર કૉલેજ સ્વીમિંગ ટૂર્નામેન્ટમાં સહકારી વાણિજ્ય કૉલેજના વિદ્યાર્થી અમરજિત રાઠોડ, ૫૦ મીટર ફ્રી સ્ટાઈલમાં પ્રથમ ૫૦ મીટર, બેક સ્ટ્રોમમાં પ્રથમ, ૧૦૦ મીટર બ્રેક સ્ટૉકમાં પ્રથમ, ૧૦૦ મીટર બેક સ્ટૉકમાં પ્રથમ તથા મયુરરાજસિંહ વાઘેલા, ૧૦૦ મીટર ફ્રી સ્ટાઈલમાં પ્રથમ, ૨૦૦ મીટર ફ્રી સ્ટાઈલમાં પ્રથમ, ૪૦૦ મીટર ફ્રી સ્ટાઈલમાં પ્રથમ ક્રમાંક પ્રાપ્ત કરેલ છે. કૉલેજનું ગૌરવ વધારેલ છે. આચાર્યશ્રીએ સમગ્ર કૉલેજ પરિવાર વતી અભિનંદન પાઠવેલ છે.

અખિલ ભારતીય મુલ્કી સેવા ટેબલ ટેનિસ સ્પર્ધાનો આરંભ

તસવીર : દિપક જાની

સ્પર્ધામાં વિવિધ રાજ્યોની સચિવાલયની ટીમો તથા રિજીયોનલ સ્પોર્ટસ બોર્ડની ટીમો મળીને ૨૫ ટીમોના ૨૬૨ જેટલા ખેલાડીઓ ભાગ લઈ રહ્યા છે

ગાંધીનગર, તા. ૯

કેન્દ્રીય મુલ્કી સેવા સાંસ્કૃતિક અને રમતગમત બોર્ડ, નવી દિલ્હી અને ગુજરાત સરકારના સામાન્ય વહીવટ વિભાગ, કલ્યાણતંત્ર દ્વારા સ્પોર્ટસ ઓથોરીટી ઓફ ઈન્ડિયા, ગાંધીનગરના મેદાન પર યોજાયેલ ''અખિલ ભારતીય મુલ્કી સેવા ટેબલ ટેનિસ સ્પર્ધા-૨૦૧૨''નો આજે મુખ્ય સચિવ શ્રી એ. કે. જોતિએ પ્રારંભ કરાવ્યો હતો.

આ સ્પર્ધામાં વિવિધ રાજ્યોની સચિવાલયની ટીમો તથા રિજીયોનલ સ્પોર્ટસ બોર્ડની ટીમો મળીને ૨૫ ટીમોના ૨૬૨ જેટલા ખેલાડીઓ ભાગ લઈ રહ્યા છે. સ્પર્ધા તા. ૯-૧૦-૨૦૧૨થી ૧૪-૧૦-૨૦૧૨ સુધી રમાશે.

મુખ્ય સચિવ શ્રી એ. કે. જોતિએ રમતગમત અને સાંસ્કૃતિક પ્રવૃત્તિઓના માધ્યમથી ખેલદિલી અને ભાઈચારાની ભાવના વધુ મજબૂત છે તેમ જણાવી મહાત્મા ગાંધી અને સરદાર વલ્લભભાઈ પટેલની ભૂમિ ગુજરાતમાં આવેલા રાષ્ટ્રભરના ખેલાડીઓનું સ્વાગત કરતાં કહ્યું કે, રમતગમત અને યુવા, સાંસ્કૃતિક પ્રવૃત્તિઓમાં ગુજરાત અગ્રેસર રહ્યું છે. ગુજરાતનો યુવાન રમતગમત તથા સાહસિક પ્રવૃત્તિઓ તરફ આકર્ષાય, ગ્રામીણ રમતોને વિશેષ પ્રોત્સાહન મળે અને સમગ્ર રાજ્યમાં વ્યાયામ પ્રવૃત્તિનું વાતાવરણ નિર્માણ થાય તેવા હેતુથી યોજાતા ''ખેલ મહાકુંભ''ની વિસ્તૃત વિગતો આપી મુખ્ય સચિવશ્રીએ ખેલ મહાકુંભ અંતર્ગત યોજાયેલ ચેસ મહોત્સવમાં ગુજરાતે વિશ્વકક્ષાએ સ્થાપેલા નવા કિર્તીમાનોની જાણકારી રમતવીરોને આપી હતી. મુખ્ય સચિવશ્રીએ દેશ અને દુનિયાના સહેલાણીઓનું પ્રવાસ માટેનું 'ડેસ્ટીનેશન ગુજરાત'ના પ્રવાસન સ્થળોની મુલાકાત લેવા માટે રમતવીરોને સૂચન કર્યું હતું.

સામાન્ય વહીવટ વિભાગના સચિવ શ્રી કે. શ્રીનિવાસે તનની તંદુરસ્તી સાથે મનની તંદુરસ્તી કેળવવા પર ભાર મુકીને ખેલદિલીથી જીવનના દરેક ક્ષેત્રમાં ખેલદિલીનો ગુણ વિકસાવવામાં રમતગમત પ્રવૃત્તિનો વિશિષ્ટ ફાળો હોવાનું જણાવ્યું હતું. અખિલ ભારતીય મુલ્કી સેવા ટેબલ ટેનિસ સ્પર્ધા રાષ્ટ્રીય અને વૈશ્વિકસ્તરે નવા કિર્તીમાનો સ્થાપવા પથદર્શક બનશે તેવી શ્રદ્ધા શ્રી કે. શ્રીનિવાસે વ્યકત કરી હતી. પ્રારંભમાં આવકાર પ્રવચન સચિવાલય કલ્યાણ સમિતિના ચેરમેન અને નાયબ સચિવ શ્રી જવલંત ત્રિવેદીએ કર્યું હતું. ઓર્ગેનાઈઝીંગ સેક્રેટરી શ્રી દિલીપ ઝવેરીએ કર્મચારી કલ્યાણ પ્રવૃત્તિઓના અમલીકરણના સંદર્ભમાં મુલ્કી સેવા રમતગમત સ્પર્ધાઓ સામાજિક, સાંસ્કૃતિક કાર્યક્રમો, ફીટનેસ સેન્ટર, જીમખાનું, રેલ્વે આરક્ષણની વિગતો આપી હતી. મુખ્ય સચિવશ્રીએ રમતવીરોની માર્ચપાસ્ટને સલામી આપી હતી.

આ પ્રસંગે મ્યુનિસિપલ કમિશનર, ગાંધીનગરના શ્રી પાડલિયા, ચીફ રેફરી શ્રી ધ્રૂવ દવે, સચિવાલય કલ્યાણ સમિતિના અધિકારીઓ-કર્મચારીઓ તથા રમતવીરો અને રમતગમત પ્રવૃત્તિઓમાં રસ ધરાવતા નાગરિકો મોટી સંખ્યામાં ઉપસ્થિત રહ્યા હતા.

રાજ્યકક્ષાની ખો-ખો સ્પર્ધામાં ચરાડા હાઈસ્કૂલ રાજ્યમાં પ્રથમ સ્થાને

ગાંધીનગર, તા. ૯

ગાંધીનગર જિલ્લાની કે.જી. હાઈસ્કૂલ ચરાડાનાં ભાઈઓને પ્રથમ સ્થાન પ્રાપ્ત કરીને ચેમ્પિયનશીપ પ્રાપ્ય કરી હતી.

હાઈસ્કૂલના વિજેતા ભાઈઓમાંથી ઠાકોર અમિત, ઠાકોર અજિત, ઠાકોર જયેશ, ઠાકોર આશિષ તથા રાવળ વિપુલનો રાષ્ટ્ર કક્ષાની સ્પર્ધા માટે ગુજરાતની ટીમમાં પસંદગીમાં સમાવેશ થયો છે.

વિજેતા ખેલાડીઓને શાળાનાં વ્યાયામ શિક્ષક વિશાલ થોરાત તથા જગદીશ ચૌધરીએ તાલીમ આપી હતી. આચાર્યશ્રી બાબુભાઈ ચૌધરીએ અભિનંદન પાઠવ્યા હતા.

જે પીડ પરાઈ જાણે રે

હેમંત ચૌહાણનાં ભજનોએ અલૌકિક વાતાવરણ સર્જ્યું

કલાગુર્જરીના ગાંધીવંદનાના કાર્યક્રમમાં ગાંધીપ્રેમી જનતા સ્વયંભૂ શિસ્તબધ્ધ શ્રધ્ધાંજલિ અર્પવા સવારે ઊઠીને આવી ગઈ

પૂ. ગાંધીજીની વિચારો શ્વાસત છે અને ગાંધીજીને પ્રેમ કરનારાંતો અઢળખ છે. ગાંધીજીની સાદગી, ખાદી, રેંટીયો અને અહિંસક ક્રાંતિ સાથેની આઝાદી એ એક વિશ્વની વિરલ ઘટનામાં સામીલ છે. ગાંધીજીના નામ સાથે સંકળાયેલાં ગાંધીનગરમાં ગાંધીજીની જન્મજયંતિએ સ્વર અને સૂરથી વંદના અર્પવાનો કાર્યક્રમ છેલ્લાં ૬ વર્ષથી આયોજીત થાય છે...

બીલકુલ ગાંધીજીને પ્રિય એવી સાદગી સભર રિતભાતથી એમની પ્રિય એવી પ્રાર્થના-ભજનનો કાર્યક્રમ કરવા આ વર્ષે ગુજરાતનાં કર્ણપ્રિય પ્રસિદ્ધ ભજનીક હેમંત ચૌહાણ આવેલાં અને કાર્યક્રમને એમનાં મધુરાં અવાજથી અવિસ્મરણીય બનાવી દીધો...

કલાગુર્જરીના શ્રી મહેન્દ્રભાઈ ત્રિવેદીએ ગયાં વર્ષેજ નિર્ધાર કરેલો કે કોઈ આમંત્રણ કાર્ડ કે જાહેરાત વગરજ આ કાર્યક્રમ કરાશે અને ગાંધીપ્રેમી જનતા સ્વયંભૂ પધારશે અને એમનાં એ નિર્ધારને ગાંધીજીએ પણ સ્વિકૃતિ આપતાં લગભગ ૧૫૦૦ વિવિધ ઉમરનાં લોકો ગાંધીજી પ્રત્યે આસ્થા જતાવતાં સવારનાં સાડા છના સમયે આવીને શિસ્તબધ્ધ ગોઠવાઈ ગયાં... આ કાર્યક્રમમાં પરિચય વિધી જેવી કોઈજ ફોર્માલીટી હોતી નથી અને સીધોજ કાર્યક્રમ શરૂ થાય છે, અને હેમંત ચૌહાણે 'આવો બધાં કરીએ મળી આજે નવી વિભૂવંદના'ની રચનાથી સૌને મોહી લીધાં... મોતી લેના ગોતી સંતો, દિલ દરિયામેં ડુબકી દેનાની રચના પણ પ્રસંગને અત્યંત અનુરૂપ રહી...

ગાંધીનગરનાં ટાઉનહૉલ સામે કુદરતી સાનિધ્યમાં હરિયાળાં વૃક્ષો વચ્ચે ગાંધીજીનાં વિશાળ ચિત્રથી શોભતું સ્ટેજ એ જાણેક સાબરમતી

ઉઘડતે પડદે

- સંજય થૌરાત

ગાંધીજીની પ્રાર્થનાઓ ગાંધીનગરનાં ગાંધીપ્રેમી જનસમૂહ વચ્ચે કરતાં હેમંત ચૌહાણે 'જાએ ઘડી અનમોલ મનવા, ઈશ્વર અલ્લા બોલ' જેવી સર્વધર્મ પ્રાર્થનાથી ભક્તિની ધૂન સવાર કરી... હેમંત ચૌહાણનાં દીકરી ગીતા ચૌહાણે પણ વારસામાં પિતાનો મધુરો કંઠ મેળવ્યો છે એમણે મીરાંબાઈની રચના, 'સંતોની ઝુંપડી કબુલ રે રાણાજી મારે, નથી રે જોઈતી મારે મોતીની માળા, તુલસીની માળા કબુલ' જેવું વૈરાગ્યની ભાવના ધરાવતી પછી એક સુંદર ગીતોની ઝડી લગાવી... 'અબ કૈસે છુટે, નામ રત લાગી, પ્રભુજી તુમ ચંદન હમ પાની, જાકી અંગ અંગ બાસ સમાની... નરસીંહ મહેતાનું પ્રભાતીયું,' પ્રાણ થકી મને વૈષ્ણવ વ્હાલા, અનીંષ એને ગાવું રે... તબલા-મંજીરાની સંગતે ભક્તિની આહલેક જગાડી દીધી !!

ગાંધીજી એટલે વિરાટ વડલો, મોબાઈલ વગરના જમાના પણ જેમનો વિચાર વિશ્વમાં વગર નેટવર્કે પહોંચતો એમના પ્રદેશનાં આપણે વાસી છીએ એ પણ આપણું અહોભાગ્ય છે... હેમંત ચૌહાણે પછી તો તંબુરાના તાર સાધી, 'કોઈને જડીયો હોય તો મને દેજો, મારી મોંઘેરી માયાનાં મોંઘેરા મોતી...' સાવ સાદો દોય રઢીયાળો... ભજનની જમાવટ બાદ ગાંધીજી સાથે રહેલાં ભજનની બાપાનાં ભજનોમાં દશાવતરથી પણ ચઢીયાતા ગાંધીજીને વર્ણવતાં, 'તકલી કે રે તાંતણે, કળજુગ હતો ' અને ગાજે રે ગગન આજે ગાંધી ગાંડો રે થયો... ઑફબીટ ભજનોને હેમંત ચૌહાણનાં કંઠથી સાંભળવાનો એક લ્હાવો હતો !!

કાગબાપૂના ભજન, સો સો વાતુંનો જાણનારો, ભાંગ્યો હોય એનો ભેરૂ થનારો, ઓળખજે બેનડી એજ ગાંધીને મારો ખોળાનો ખુંદનારો ભજન સૌને ગમ્યું... ગાંધીજીને સાથે રહેવું કે પગંત બેસવુંય અઘરૂં કારણ એતો કડવાં લીમડાની ચટણી ખાતાં એવું એમનું જીવન અને કડવાં ઘુંટડા ગળીને એમણે આઝાદી અપાવેલી... ગીતા ચૌહાણે પછીતો 'ભક્તિ રે કરવી એને રાંક થઈને રહેવું, મેલવું અંતર અભિમાન... થાકે ના થાકે છતાંય, હે માનવી લે જે રે વિસામો... ગાંધીનાં પ્રશસ્તીનાં ભજનો ગાયાં...

કાર્યક્રમનાં અંતિમ ચરણમાં, મારી તારાં બેટડાં આવે છે, ચઢ્યાં ઋણ વાળવાં આવે છે... સાબરમતીના શુભ કિનારે એક ભેઠો તો સંત, લાવવો હતો એને અંગ્રેજોનો અંત... અમરકથા મારાં આંગણાની છે, સોરઠ તણાં ભક્તોની... ભજનોની રમઝટ સાથે કાર્યક્રમ પૂર્ણાહૂતી તરફ વળ્યો. સત્ય-અહિંસા-તપ-માનવતા થી વિશ્વવંદનીય બનેલાં ગાંધીજીને જાણવાં જગત આખું અમદાવાદ આવે છે એ આપણી સંસ્કૃતિ છે...

ગાંધીએ વાતોનો વિચાર નહી પણ આચારનો વિષય છે કહી કાર્યક્રમ અનુલક્ષી બે-ચાર સૂચના સાથે વૈષ્ણવ જન તો તેને રે કહીએ રે જે પીડ પરાઈ જાણે રે ભજન દરવર્ષના શિરસ્તા પણે ગવાયું... રઘુપતી રાઘવ રાજારામ ની ધુન સાથે સૌ ગાંધીપ્રેમી ગાંધીજીને પ્રિય એવી સાયકલ યાત્રામાં જોડાવા તરફ રવાનાં થયાં...

માત્ર અને માત્ર ગાંધીજી તરફ પ્રેમ દર્શાવતો આ પોતાની અલગ ઓળખ ધરાવતો કલાગુર્જરીનો કાર્યક્રમ ખરેખર અભિનંદનીય છે. કલાગુર્જરીનાં નારણભાઈ પટેલ, મહેન્દ્રભાઈ ત્રિવેદી, જયરાજસિંહ સરવૈયા, શરદ વ્યાસ, નિરેન બ્રહ્મભટ્ટ, મુંજાલ રાવલ, મનોજ જોષી, આશાબેન સરવૈયા અને અન્ય સભ્યોની ટીમે આ સમગ્ર કાર્યક્રમને સફળ બનાવવા મૌન રહી વિરાટ કાર્ય કર્યું છે... ગાંધીવંદના કાર્યક્રમ દરમ્યાન જીવનમાં ઉપયોગી અને પાળી શકાય એવાં સંકલ્પપત્રો ભરાવાયા અને ગાંધી સાહિત્યનું વેચાણ પણ થયું... ગાંધીજીને અને એની વિચારધારાને જીવંત રાખવાનાં કાર્યો થકી જ એમને શ્રધ્ધાંજલિ અર્પવાનો સૂર-સ્વરનો કાર્યક્રમ અવિસ્મરણીય બની રહ્યો !!